Ph. : +91-79-23227006
E-mail : info@akashinfra.com

**Regd. Office:**
2, G.F., Abhishek Building,
Sector-11, Gandhinagar-382011.

CIN - L45209GJ1999PLC036003

AKASH
INFRA-PROJECTS LTD.
BUILDERS OF RELIABLE ROADS

**Date: 20th November, 2021**

To,
National Stock Exchange of India Limited
Exchange Plaza,
Bandra Kurla Complex,
Bandra (East),
Mumbai – 400 051
**SYMBOL: AKASH**

Dear Sir/Ma'am,

**Sub.: Intimation regarding Work Order.**

With regard to the above captioned subject matter, we would like to inform that M/s. Akash Infra-Projects Limited has received a work order on 20th November, 2021 from Office of the Executive Engineer, Road and Building Division, Jilla Panchayat Patan of **Rs. 2,00,58,945.10/- (Rupees Two Crore Fifty Eight Thousand Nine Hundred Forty Five and Paise Ten Only)** for Construction of Sojintra and Jitoda road, Ta. – Chanasma, District-Patan, Gujarat.

A Copy of work order is attached herewith.

Kindly take the same on your records.

Thanking you,
Yours faithfully,

**FOR AKASH INFRA-PROJECTS LIMITED**

PKmunshi

**PRIYANKA MUNSHI**
**COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER**

Encl: As above

| વારંવાર સાબુથી હાથ ધોઈએ | માસ્ક પહેરીએ | બે ગજનું અંતર જાળવીએ | કોરોનાથી બચીએ |
|---|---|---|---|

**આર.પી.એડી.**
ટેન્ડર બી.૧/ઈજારા રજી.નં.૮૬/૨૧–૨૨

નં.જિપં/બધમ/ટેન્ડર/વશી/૩૪૫૭-૬૨ /૨૦૨૧
મા. અને મ. (પં) વિભાગ,
જિલ્લા પંચાયત પાટણ.
તા.૧૦/૧૧/૨૦૨૧

૬૩૭૨

પ્રતિ,
આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટસ લી.,
૨, ગ્રાઉન્ડ ફ્લોર,
અભિષેક બિલ્ડીંગ, સે.૧૧, ગાંધીનગર.

<u>વિષય – કન્સ્ટ્રકટીંગ ઓફ સોજીંત્રા જીતોડા રોડ (ચે. ૦/૦૦૦ થી ૪/૨૦૦), તા.ચાણસ્મા, જિ.પાટણનું કામ શરૂ કરવા બાબત</u> (પેકેજ નં. MMGSY/ OWR/ PTN/ 48/ 20-21) કુલ – ૧ (એક) કામ

<u>ખર્ચનું સદર – એમ. એમ. જી. એસ. વાય. યોજના વર્ષ ૨૦૨૦–૨૧</u>

ઉપરોકત કામની અંદાજીત કિંમત રૂ.૨,૫૮,૮૫,૮૪૯.૯૨ (અંકે રૂપિયા બે કરોડ અઠાવન લાખ પંચ્યાસી હજાર આઠસો ઓગણપચાસ અને બાણું પૈસા) પૂરાનું ટેન્ડર તમોએ અંદાજીત કિંમતથી ૨૨.૫૧% નીચા ભાવ એટલે કે, ટેન્ડર કિંમત રૂ.૨,૦૦,૫૮,૯૪૫.૧૦ (અંકે રૂપિયા બે કરોડ અઠાવન હજાર નવસો પિસ્તાલીસ અને દશ પૈસા) પૂરાથી ભરતાં તમો આ કામના સૌથી નીચા ભાવ ભરેલ ઈજારદાર હોઈ તમારૂં ટેન્ડર ઉપ સચિવશ્રી, (પં.૨)–૩, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

તમોએ ઉપરોકત કામની જામીન અનામત માટે સરકારશ્રીના ઠરાવ નં. પરચ/ ૧૦૨૦૨૦/૩૨૯/ સી, તા.૦૧/૦૬/૨૦૨૧ મુજબ રૂ.૭,૭૬,૫૭૫.૦૦ (અંકે રૂપિયા સાત લાખ છોતેર હજાર પાંચસો પંચોતેર પૂરા) ની બેન્ક ગેરંટી રજૂ કરેલ છે તથા રૂ.૩૮,૩૫૨.૦૦ (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણસો બાવન પૂરા) નું સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરેલ પ્રમાણપત્ર રજૂ કરી લેખિત બાંહેધરી કરી કરારખતમાં સહી સિક્કા કરી આપેલ છે.

આથી ઉપરોકત કામ ટેન્ડરમાં રજુ થયેલ સ્પેસિફીકેશન મુજબ નીચેની શરતોને આધિન રહી શરૂ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

(૧) આ કામ આપના દ્વારા ૬ (છ) માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.
(૨) આ કામ શરૂ કરવાની તારીખ – ૧૦/૧૧/૨૦૨૧ થી ગણવામાં આવશે.
(૩) સરકારશ્રીના ઠરાવ ક્રમાંક – ટી.એન.સી./ ૨૦૭૪/ ૧૭૬/ સી, તા. ૩૦ / ૧૦ / ૧૯૮૦ મુજબ ઉપરોકત કામ કરતી વખતે સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી સિવાય કોઈપણ આઈટમનો જથ્થો વધે યા ઘટે નહી તેની કાળજી લેવાની રહેશે.
(૪) આ કામ શરૂ કરવા માટે વાપરવાનો થતો માલ સામાન સ્થળ ઉપર લાવતાં પહેલાં સરકારી રિસર્ચ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવી એપ્રૂવ થયા પછી જ કામના સ્થળે લાવવો તે સિવાય લાવવામાં આવેલ માલ સામાન સ્વિકાર્ય રહેશે નહીં અને આપના ખર્ચે અને જોખમે તે તમામ માલ સામાન દૂર કરવામાં આવશે.
(૫) કરારખતની કલમ – ૨ મુજબ કામની પ્રગતિ પ્રમાણસર જળવાઈ રહેવી જોઈએ.
(૬) કોન્ટ્રાકટર લેબર / રેગ્યુલેશન એન્ડ એબોલિશન એકટ – ૧૯૭૯ તેમજ તે હેઠળના નિયમો ૧૯૭૨ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૭) આ સાથે કરારખતની નકલ અને જરૂરી નકશા સામેલ છે.
(૮) ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી જ કામના બિલનું ચૂકવણું કરવામાં આવશે.
(૯) આ કામ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ (પં) પેટા વિભાગ,ચાણસ્માએ આ સાથે સામેલ ટેન્ડર મંજુરીના પત્રની શરતોને આધિન રહી તેમની સીધી દેખરેખ હેઠળ કરાવવાનું રહેશે.
(૧૦) આ કામની સાઈટ પર ઈજારદારશ્રી તરફથી રોકવામાં આવેલ સાઈટ એન્જીનિયર તથા લેબર લાયસન્સની તમામ વિગતો ના.કાઈ.શ્રી, ચાણસ્માને કામ શરૂ કરતા પહેલાં રજૂ કરવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
મા. અને મ. (પં) વિભાગ
જિલ્લા પંચાયત પાટણ.

<u>નકલ રવાના –</u>
(૧) ના.કા.ઈ.શ્રી, મા. અને મ. વિભાગ (પં) પેટા વિભાગ, ચાણસ્મા તરફ તરફ જાણ વ આ કામ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે રીતે આયોજન કરવા કાર્યવાહી થવા સારૂં ઈજારદારશ્રી પાસેથી અ.નં. (૧૦) ની તમામ વિગતો મેળવી રેકર્ડ પર રાખવા સારૂં.
(૨) મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીશ્રી, જિલ્લા સેવા સદન પાટણ તરફ જાણ સારૂં.
(૩) વિ.હિસાબનીશ, તરફ બે.ગે.નં. ૦૯૩૩૧IGL૦૧૨૦૨૧, રૂા.૭,૭૬,૫૭૫ તરફ જાણ સારૂં.
(૪) કચેરીની પી.બી. શાખા તરફ જાણ સારૂં / ઓડીટરશ્રી, ચાણસ્મા તરફ

<u>નકલ જયભારત સહ રવાના –</u>
કાર્યપાલક ઈજનેરશ્રી, ગુણવતા નિયમન વિભાગ નં.૨, ૧૪/૪, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

<u>નકલ સવિનય રવાના –</u>
(૧) અધિક્ષક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વર્તુળ કચેરી, પાટનગર યોજના ભવન, સે. ૧૬ ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૨) ચેરમેનશ્રી, બાંધકામ સમિતિ, જિલ્લા પંચાયત, પાટણ તરફ જાણ સારૂં.

| | | |
|---|---|---|
| INWARD NO. | 1933 | Sign. |
| DATE: | 20/11/21 | |

| | |
|---|---|
| I.T. | |
| H.R | ✓ TENDER |
| PLANT & MACHINERY | TECHNICAL-BILL |
| INVENTORY / STORE | ✓ PROJECT ENGINEER |
| AUDIT / ACCOUNT | FINANCE |

P.P.GOL/D.H.PATEL/A.P.GOL/Y.H.PATEL

Tejapalsih

Semp pidf

copy

By Whatsupp

20/11/4